**Directorate of Technical Education, Gujarat State**
નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય

150 YEARS OF CELEBRATING THE MAHATMA

| | |
|---|---|
| કર્મયોગી ભવન, બ્લોક નં:૨, છઠ્ઠો માળ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ | Karmyogi Bhavan, Block No:2, 6th Floor, Sector-10-A, Gandhinagar-382010 |
| (079) 23253546 URL:http://dte.gswan.gov.in | FAX: (079) 23253539 GRAM:EDUTECH(N) |

E-MAIL: dteguj@yahoo.co.in, dire-dte@gujarat.gov.in

ક્રમાંક-સીટીઈ/હિસાબીશાખા/તપાસણી/૨૦૨૧/ચ.૩/ 6358 તા.૦૧/૧૧/૨૦૨૨

11 NOV 2022

પ્રતિ,
આચાર્યશ્રી,
કન્યાઓ માટેની સરકારી પોલીટેકનીક,
સુરત

વિષય: વર્ષ ૨૦૧૯ થી વર્ષ ૨૦૨૧ સુધીના પારાઓની પુર્તતા કરવા બાબત

સંદર્ભ: (૧) આ કચેરીના તા.૧૭/૧૨/૨૦૨૧ના ક.આ. ક્રમાક:સીટીઇ/ હિસાબીશાખા/ તપાસણી /ચ-૧/ ૨૦૨૧ /૧૨૦૩૭.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે અત્રેની કચેરી દ્વારા વર્ષ ૨૦૧૯ થી વર્ષ ૨૦૨૧ સુધીનું ખાતાકીય ઓડિટ હાથ ધરવામાં આવેલ હતુ તેમાં ૦૧ થી ૧૨ પારાઓ આપવામાં આવેલ હતા. તે પૈકી પેરા નં. ૧,૫,૬,૯ કુલ-૪ પારાઓનો અમલ કરી આગામી ઓડીટ પાર્ટીને બતાવવાની શરતે પડતા રાખવામાં આવે છે. તથા પેરા નં. ૨,૩,૪,૭,૮,૧૦,૧૧,૧૨ કુલ-૮ તેમજ સસ્થાનુ અગાઉ થયેલ ઓડીટના બાકી પેરાઓનો તાત્કાલિક આધારો સાથે દિન-૧૫માં પૂર્તતા કરવા જણાવવામાં આવે છે.

સંયુક્ત નિયામક
ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
ગાંધીનગર

EST
Osgamil- 18/11/22

Inward No. 346 Date 18/11/'22
Govt. Poly for Girls
SURAT.

# ટેકનીકલ શિક્ષણ નિયામકની કચેરી ગાંધીનગર

## ચાલુ હીસાબ તપાસણી અહેવાલ

### વર્ષ: વર્ષ ૨૦૧૯ થી વર્ષ ૨૦૨૧

૧. સંસ્થાનું નામ:- કન્યાઓ માટેની સરકારી પોલીટેકનીક, સુરત

૨. હિસાબી તપાસણીનું વર્ષ:- વર્ષ ૨૦૧૯ થી વર્ષ ૨૦૨૧

૩. હિસાબી તપાસણીની તારીખ:- તા:૨૭/૧૨/૨૦૨૧ થી તા:૩૧/૧૨/૨૦૨૧

૪. આચાર્યશ્રી:- (૧) શ્રી બી. જે. ઐયર, ઇન્ચાજ આચાર્ય, તા.૧૫/૧૨/૨૦૧૮ થી તા.૧૧/03/૨૦૨૧

(૨) શ્રી એસ. એન. સંપત, ઇન્ચાજ આચાર્ય, તા.૧૨/03/2020 થી આજ દિન.

ઉપાડ અધિકારીનું નામ :- ઉપર મુજબ

૫. કેશીયર:- શ્રીમતી એમ.ડી.પટેલ તા.૧૪/૦૮/2003 થી આજ દિન.

૬. ઓડીટર:- (૧) કુ. આર. એસ. વસૈયા , હિસાબી અધિકારી

(૨) શ્રી જે. આર. ચૌહાણ, સીનીયર ક્લાક

(૩) શ્રી એમ. એન. પંચાલ, સીનીયર કારકુન

(૪) કુ. ટી. એ. રાણા, સ્ટોરકીપર

## વિભાગ – ૧(અ)

### અગાઉ હિસાબ તપાસણી અહેવાલના બંધ પેરાઓની વિગત

| હિસાબી વર્ષ | બાકી પેરાની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|
| પત્રક – અ સામેલ કરેલ છે. | | |

# વિભાગ-૨

## ટેકનીકલ શિક્ષણ નિયામકની કચેરી ગાંધીનગર

## ચાલુ હીસાબ તપાસણી અહેવાલ

## સમય ગાળો :- ૨૦૧૯ થી ૨૦૨૧

પેરા.૦૧

સરકારી તથા બિન સરકારી કેશબુકનીચકાસણી કરતા નીચે મુજબની ક્ષતિઓ માલુમ પડેલ છે.

(૧) સરકારી તથા બિન સરકારી કેશબૂકની ચકાસણી કરતા માસમાં એક કે બે વાર આચાર્યશ્રી એ આકસ્મિક સિલકની ભૌતિક ચકાસણી કરવી જોઇએ જે થયેલ નથી .

(૨) સરકારી તથા બિન સરકારી કેશબૂકમાં જે દિવસોએ લેવડ- દેવડ ના થઇ હોઇ તેની નોંધ થયેલ નથી.

(૩) સરકારી તથા બિન સરકારી કેશબુકમા જાવક ખાતે ચલનની વિગત તથા તારીખ વિગતવાર નોંધ કરવામાં આવેલ નથી

(૪) સરકારી બિન સરકારી કેશબુકમાં ચલન દ્વારા ભરાયેલ રકમબેંકમાં જમા થયા બાદજ કેશબુકમાં નોંધ જાવક બાજુ ઉધારવાની હોય છે. ઘણી જગ્યાએ બેંકમાં જમા થયા બાદજઉધારવાની હોય છે જે બેંકમાં જમા થયા પહેલા કેશબુકમાં ઉધારેલ છે. જે યોગ્ય નથી.

(૫) રસીદબુકની ચકાસણી કરતા યોગ્ય તારીજ કાઢેલ નથી.

સદર પારાનો અમલ કરી આગામી ઓડીટ ટીમને બતાવવાની શરતે પેરો પડતો રાખવામાં આવે છે.

પેરા.૦૨

બિન સરકારી કેશબુકની ચકાસણી કરતા નીચે મુજબની ક્ષતિઓ માલુમ પડેલ છે.

(૧) ચલન નંબર ૦૬/તા.૨૯/૦૪/૨૦૧૯ નુ ચલન છે. જે બિન સરકારી કેશબુકમાં તા.૧૬/૦૪/૨૦૧૯ રૂપિયા ૧૯૪૬૬/- ના રોજ જવક ખાતે ઉધારવામાં આવેલ છે જે ઉચિત નથી.

(૨) બિન સરકારી કેશબુકમાં તા.૦૮/૦૭/૨૦૧૯ રૂપિયા ૪૦૦૦/- ના રોજ જવક ખાતે ઉધારવામાં આવેલ છે જે નમો કેટરર્સ ને જીમખાનામાંથી સ્ટાફ તથા વિધ્યાથીઓ માટે વિશ્વ યોગ દિવસ પેટે બિલ નંબર -૧૨૯ તા.૦૮/૦૭/૨૦૧૯ ના રૂપિયા ૪૦૦૦/- ચુક્વેલ છે. જે ક્યા નિયમ આધારે ખર્ચ કરેલ છે. જેની આધારસહ સ્પટતા કરવી.

(૩) ગુજરાત ગેસ લીમીટેડ, સુરત દ્વારા ચેક નંબર –૭૫૨૪૩૨/તા.૨૪/૦૯/૨૦૨૦ રૂપિયા ૧૨૮૦.૯૬/- તથા ચેક નંબર – ૭૫૨૪૪૨/ તા.૨૪/૦૯/૨૦૨૦ રૂપિયા ૩૦૭૫.૬૬/- આપેલ, જે બિન સરકારી કેશબુકમાં તા.૩૦/૦૯/૨૦૨૦ ના રોજ આવકમાં લીધેલ છે. સદર બન્ને ચેક ચલન નંબર-૨૪ તથા ૨૫ થી તા.૩૦/૦૯/૨૦૨૦ ના રોજ જવક ખાતે ઉધારવામાં આવેલ છે પરંતુ ચલનની નકલ નથી.

જે કયા નિયમોને આધારે કાર્યવાહી કરેલ છે તેની આધારો સાથે પુર્તતા કરવા જણાવવામાં આવે છે.

પેરા.૦૩

સરકારી કેશબુકનીચકાસણી કરતાનીચે મુજબની ક્ષતિઓ માલુમ પડેલ છે.

(૧) પહોચ નંબર ૨૩૩૫૦૫/તા.૧૮/૧૨/૨૦૧૯ થી રૂપિયા ૪૮૧૦/- ની આવક થયેલ છે. સરકારી

કેશબુકમાં તા.૧૮/૧૨/૨૦૧૯ ના રોજ આવકખાતે ઉધારવામાં આવેલ છે અને તા.૦૩/૦૧/૨૦૨૦ ના રોજ જવક ખાતે ઉધારવામાં આવેલ છે જેની સ્પટતા કરવી.

(૨) પહોચ નંબર ૨૩૩૫૪૯/તા.૨૧/૦૩/૨૦૨૦ થી રૂપિયા ૧૫૨૦/- ની આવક થયેલ છે. સરકારી કેશબુકમાં તા. ૨૧/૦૩/૨૦૨૦ ના રોજ આવકખાતે ઉધારવામાં આવેલ છે અને તા.૧૮/૦૫/૨૦૨૦ ના રોજ જવક ખાતે ઉધારવામાં આવેલ છે જેની સ્પટતા કરવી.

(૩) પહોચ નંબર ૨૩૩૬૬૭/તા.૨૪/૧૧/૨૦૨૦ થી રૂપિયા ૩૦૦/- ની આવક થયેલ છે. સરકારી કેશબુકમાં તા.૨૪/૧૧/૨૦૨૦ ના રોજ આવકખાતે ઉધારવામાં આવેલ છે અને તા.૧૫/૧૨/૨૦૨૦ ના રોજ જવક ખાતે ઉધારવામાં આવેલ છે જેની આધારો સાથે સ્પટતા કરવા જણાવવામાં આવે છે.

પેરા.૦૪

PLAબ્રેકઅપ રજીસ્ટર નીચકાસણી કરતાનીચે મુજબની ક્ષતિઓ માલુમ પડેલ છે.

(૧) PLA બ્રેકઅપરજીસ્ટરમાં તા.૩૧/૦૩/૨૦૨૧ નુ બેલેંન્સ રૂપીયા ૫૪,૦૦,૪૦૦/- છે. અને તીજોરી કચેરીના પત્રક મુજબ તા.૩૧/૦૩/૨૦૨૧ નુરૂપીયા ૫૩,૯૮,૧૨૩/- છે. રૂપીયા ૨,૨૭૭/- નો તફાવત આવે છે. જેની આધારો સાથે સ્પટતા કરવા જણાવવામાં આવે છે.

પેરા.૦૫

બીલ રજીસ્ટરની ચકાસણી કરતા ઘણી જગ્યાએ ચેક-ચાક કરેલ છે. અને સુધારો કરેલ છે. જેમાં અધિકારીની ટૂકી સહી નથી. સદર પારાનો અમલ કરી આગામી ઓડીટ ટીમને બતાવવાની શરતે પેરો પડતો રાખવામાં આવે છે.

પેરા.૦૬

સર્વિસ પોસ્ટેજ સ્ટેમ્પ રજીસ્ટર નિયત નમૂનામાં નિભાવવામાં આવેલ નથી તથા રજીસ્ટરમાં ઉઘડતી સિલક તેમજ બંધ સિલક દર્શાવવામાં આવેલ નથી. સદર પારાનો અમલ કરી આગામી ઓડીટ ટીમને બતાવવાની શરતે પેરો પડતો રાખવામાં આવે છે.

પેરા.૦૭

વિધ્યાથીઓની કોશનમની ડીપોઝીટની વણ ચુકવાયેલ રકમ રદ કરી છેલ્લે તા.૩૧/૦૩/૨૦૧૭ સુધીજ સરકારશ્રીમાં જમાં કરવામાં આવેલ છે. ત્યાર બાદ આજ દિન સુધી જમાં કરવામાં આવેલ નથી જે જમાં કરવાની કાર્યવાહી પુર્ણ કરી વડીકચેરીને જાણ કરવા જણાવવામાં આવે છે.

પેરા.૦૮

(૧) સને. ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ દરમ્યાન રર્દ્દિ પસ્તીનો નિકાલ થયેલ નથી.

(૨) કંડમ રજીસ્ટર નિભાવવામાં આવતા નથી. કાર્યવાહી પુર્ણ કરી વડીકચેરીને જાણ કરવા જણાવવામાં આવે છે.

પેરા.૦૯

સિક્યુરીટી તથા હાઉસકિપિંગના અપ્રિલ-૨૦૧૯ થી સપ્ટેમ્બર-૨૦૨૦ ના તમામ બિલમાં બજેટ કોડ 3001 – Other Contructual Service Expenditure ના બદલે બજેટ કોડ 3000 – Exp. On Service or Commitment Charges મા દર્શાવેલ છે. જે ઉચિત નથી. સદર પારાનો અમલ કરી આગામી ઓડીટ ટીમને બતાવવાની શરતે પેરો પડતો રાખવામાં આવે છે.

પેરા.૧૦

કન્ટી લાઇટ બિલમાં તા.૦૧/૦૪/૨૦૧૯ થી તા.૩૧/૦૩/૨૦૨૧ના સમયગાળા દરમ્યાન વીજ બિલમાં

વિલમ્બીત ચાર્જેની રકમ સબંધિત અધિકારી/કર્મચારી પાસેથી વસુલ કરી ઓડીટ ને જાણ કરવી. કાર્યવાહી પુર્ણ કરી વડીકચેરીને જાણ કરવા જણાવવામાં આવે છે.

પેરા.૧૧

મહેકમવિભાગમાં નીચે મુજબના રજીસ્ટર નિભાવવામાં આવતા નથી.

(૧) સેવાપોથી રજીસ્ટર

(૨) પેન્શન રજીસ્ટર

(૩) ઇજાફા રજીસ્ટર

(૪) કોર્ટ કેશ રજીસ્ટર

રજીસ્ટરો નિભાવવાની કાર્યવાહી પુર્ણ કરી વડીકચેરીને જાણ કરવા જણાવવામાં આવે છે.

પેરા.૧૨

સેવાપોથીની ચકાસણી કરતા નીચે મુજબની ક્ષતિઓ માલુમ પડેલ છે.

(૧) અમુક સેવાપોથી માં પ્રથમ પાના પર અધિકારી/ કર્મચારીની સક્ષમ અધિકારી દ્વારા જન્મ તારીખની ખરાઇ કરવામાં આવેલ નથી.

(૨) અમુક સેવાપોથી માં અમુક અધિકારી/ કર્મચારીની મેડીકલ ફીટનેસ અંગેની નોંધ કરવામાં આવેલ નથી.

ઉક્ત કાર્યવાહી કરી આધારો સાથે પુર્તતા કરવા જણાવવામાં આવે છે.

ઉક્ત પેરાઓ પૈકી પેરા નં. ૧ થી ૧૨ પૈકી પેરા- ૧,૫,૬,૯ કુલ-૦૪ નો અમલ કરી આગામી ઓડીટ પાર્ટીને બતાવવાની શરતે પારા પડતા રાખવામા આવે છે.તથા પેરા નં. ૨,૩,૪,૭,૮,૧૦,૧૧,૧૨ કુલ-૦૮ પેરાઓ તેમજ સસ્થાનુ અગાઉ થયેલ ઓડીટના બાકી પેરાઓનો આધારો સાથે દિન – ૧૫ માં પૂર્તતા કરવા જણાવવામાં આવે છે.

સંયુકત નિયમકશ્રી

ટેકનીકલ શિક્ષણ નિયામકની કચેરી

ગાંધીનગર.